# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત

સ્વપ્નસૃષ્ટિ એપાર્ટમેન્ટ નજીક , જીઆવ બુડિયા રોડ, ભેસ્તાન, સુરત

Phone:: (0261) 2916003,2916040

E-mail: dietsurat@gmail.com Website: www.dietsurat.org


જા.નં : ડાયેટ /૨0૨૧/વિજ્ઞાન પ્રદર્શન/ 3212-43

તા. ૧૬/03/૨0૨૧

પ્રતિ,

એસ.વી.એસ. કન્વીનરશ્રી - તમામ, જિ.-સુરત

બીઆરસી/યુઆરસી કો.ઓર્ડીનેટરશ્રી - તમામ, જિ.-સુરત

વિષય : વિજ્ઞાન ગણિત પર્યાવરણ પ્રદર્શન-૨0૨૧ બાબત

સંદર્ભ : ૧. જીસીઇઆરટી/વિજ્ઞાન/૫૯૬૮-૯૭, તા. ૨/3/૨0૨૧

૨. વિજ્ઞાન પ્રદર્શન આયોજન બેઠકમાં લેવાયેલ નિર્ણય

જયભારતસહ ઉપરોક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે દર વર્ષની જેમ આ વર્ષે પણ વિજ્ઞાન ગણિત પર્યાવરણ પ્રદર્શનનુ આયોજન કરવાનું થાય છે. આ આયોજન હવે ઓનલાઈન મોડમાં કરવાના થાય છે.

૧. વિવિધ કક્ષાના પ્રદર્શનોની તારીખો નીચે મુજબ નક્કી કરવામાં આવી છે. આ તારીખોની જાણ તમામ શાળાઓને કરવાની રહેશે. વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લેવા જરૂરી મોડેલ બનાવવા માટેની જાણ વિજ્ઞાન પ્રદર્શન માર્ગદર્શિકા (૧૮પાનાની) મોકલીને કરવાની રહેશે.

| શાળાનો વિભાગ | પ્રદર્શનની કક્ષા | પ્રદર્શનની તારીખ |
|---|---|---|
| પ્રાથમિક | CRC કક્ષા | ૨૪/03/૨0૨૧ |
| | BRC/URC કક્ષા | ૨૬/03/૨0૨૧ |
| | જિલ્લા કક્ષા | 30-૩૧/03/૨0૨૧ |
| માધ્યમિક-ઉ.માધ્યમિક | SVS કક્ષા | ૨૭/03/૨0૨૧ |
| | જિલ્લા કક્ષા | 30-૩૧/03/૨0૨૧ |

૨. CRC કક્ષા, BRC/URC કક્ષા, SVS કક્ષાના પ્રદર્શનના કન્વીનર અનુક્રમે CRC co., BRC/URC co., SVS કન્વીનર રહેશે.

3. SVS કક્ષા પ્રદર્શનમાં માધ્યમિક અને ઉ.માધ્યમિક શાળામાંથી વિભાગવાર એક-એક એમ કુલ પાંચ જ શ્રેષ્ઠ કૃતિ જિલ્લા કક્ષા માટે પસંદ કરવાની રહેશે.

3. CRC કક્ષા પ્રદર્શનમાં પ્રાથમિક શાળામાંથી વિભાગવાર એક-એક એમ કુલ પાંચ જ શ્રેષ્ઠ કૃતિ BRC/URC કક્ષા માટે પસંદ કરવાની રહેશે.

૪. BRC/URC કક્ષા પ્રદર્શનમાં CRC કક્ષાનાં પ્રદર્શનની શ્રેષ્ઠ કૃતિ માંથી વિભાગવાર શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ એમ કુલ પાંચ જ શ્રેષ્ઠ કૃતિ જિલ્લા કક્ષા માટે પસંદ કરવાની રહેશે.

૫. તમામ કક્ષાના પ્રદર્શન ઓનલાઈન કરવાના રહેશે. આ માટે દરેક સ્પર્ધક પાસે તેમની કૃતિને રજૂ કરતો પાંચ થી સાત મિનિટનો વિડીયો તૈયાર કરાવવો. કૃતિ રજૂ કરનાર શિક્ષક/વિદ્યાર્થીએ કયા સમયે ઓનલાઈન રહેવું તેની જાણ જે-તે પ્રદર્શન કન્વીનરે કરવાની રહેશે. તેમજ ઓનલાઈન પ્રદર્શનની લિંક પણ શિક્ષકને મોકલવાની રહેશે.

૬. તમામ કક્ષાના પ્રદર્શન ઓનલાઈન કરવાના હોવાથી કોઈ પણ કક્ષાએ શાળા પાસેથી રજીસ્ટ્રેશન ફીના નાણા માંગવાના રહેતા નથી.

૭. માત્ર SVS કક્ષા અને BRC/URC કક્ષાના પ્રદર્શન ખર્ચની ગ્રાન્ટ મળવાપાત્ર છે. આ ખર્ચમાં.....

(૧) માત્ર નિર્ણાયકોના જ ટીએ-ડીએ-માનદવેતન(રૂ.૩૦૦/-) આપવા. જેના માટે પત્રક-૬ અને પત્રક-૯ ભરાવવા આવશ્યક છે. (૨) ચા-નાસ્તાનો ખર્ચ વ્યક્તિ દીઠ રૂ. ૩૦/- ની મર્યાદામાં કરવાનો રહેશે. (૩) પ્રમાણપત્રનો ખર્ચ એક પ્રમાણપત્ર દીઠ રૂ. ૫/- ની મર્યાદામાં કરવાનો રહેશે. (૪) સ્ટેશનરીનો ખર્ચ ૫૦૦/- ની મર્યાદામાં કરવાનો રહેશે. આ સિવાય અન્ય કોઈપણ પ્રકારના ખર્ચ કરવાના રહેતા નથી.

૮. ખર્ચના હિસાબની ફાઈલ ૩૦/૦૩/૨૦૨૧ સુધીમાં ડાયટ-સુરતની હિસાબી શાખામાં ચેક કરાવી, જમા કરાવીને ખર્ચના નાણાનો ચેક મેળવી લેવાના રહેશે. અન્યથા હિસાબી વર્ષ પૂરું થતું હોવાથી નાણા મળી શકશે નહિ.

૯. હિસાબની ફાઈલમાં પત્રક – ૬,૮,૯ તેમજ ખર્ચના ઓરિજિનલ બિલ/વાઉચર મૂકવા.જેમાં કન્વીનરના સહી-સિક્કા તથા paid by me હોવું જોઈએ.જો પ્રમાણપત્રો તૈયાર કરવાનું બીલ એક હજારથી વધુ થાય તો ત્રણ ભાવપત્રક પણ મૂકવા. કુલ ખર્ચનું સમરી પત્રક વાઉચર નંબર સહીત તૈયાર કરી આગળ મુકવું.

૧૦. SVS કક્ષા અને BRC/URC કક્ષાના પ્રદર્શન પૂર્ણ થાય તે જ દિવસે સાંજે પત્રક-૪ (પસંદ થયેલ શ્રેષ્ઠ પાંચ કૃતિની યાદી) ડાયટ સુરતને ઈમેલ (dietsurat@gmail.com) કરવો.

૧૧. જિલ્લા કક્ષાના પ્રદર્શન વખતે BRC/URC co. અને SVS કન્વીનરે પોતાની પાંચ કૃતિને જાણ કરવાની રહેશે તેમજ ડાયટ-સુરત તરફથી મળેલ લિંક પણ પહોંચાડવાની રહેશે.

Patel
પ્રાચાર્ય,
જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત

જા.નં. જાન/૫૦૩૬
તા. ૨૩/૦૩/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેર/જિલ્લાના તમામ માધ્યમિક/ઉ. માધ્યમિક શાળાઓ તરફ.

૨/- [illegible] SVS ને જાણ સારું.
જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિલ્લો સુરત.